Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 39,(SURAT), DATE-18/03/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૩૯, (સુરત), તા.૧૮/૦૩/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 પૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે લોકાર્પણ કરાયું:૧૭૫ માં હનુમાનજી મંદિરનું પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે લોકાર્પણ કરાયું

3 યૌન શોષણની પીડિત બાળકીઓને વારંવાર કોર્ટમાં ન બોલાવો..', ટ્રાયલ કોર્ટને દિલ્હી હાઈકોર્ટની ફટકાર

4 કડોદરામાં યુથ કોંગ્રેસનું મોંઘવારી વિરુદ્ધ પ્રદર્શન:ચાર રસ્તા પર કોંગ્રેસના આગેવાનોની ઉપસ્થિતિમાં વિરોધ

## ૩૨ લાખ સિલિન્ડર ભરાય એટલો ગેસ લઈને શિવાલિક જહાજ ગુજરાત પહોચ્યું!

### CNG-LPGનો પૂરતો જથ્થો : સરકાર

**મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઇલના સંકટ વચ્ચે ભારત સરકાર તરફથી રાહતના સમાચાર આવ્યા છે. સરકારના જણાવ્યા અનુસાર, દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક છે અને કડવા-ઈગત્રનો પુરવઠો પણ સંપૂર્ણ રીતે ચાલુ છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારતની તમામ રિફાઈનરીઓ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે, તેથી પેટ્રોલ પંપ પર ઈંધણની કોઈ અછત સર્જાશે નહી. ગેસ પુરવઠા અંગે સરકારે ખાતરી આપી છે કે ઘરેલું વપરાશકારોને સમયસર સિલિન્ડર મળે તે તેમની પ્રાથમિકતા છે.**



ભારત તા.૧૬ મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ છે, ત્યારે દેશમાં LPG સંકટ વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં કા કેરિયર જહાજ 'શિવાલિક' કતારથી નીકળ્યા બાદ ૧૬ માર્ચ, ૨૦૨૬) ગુજરાતના મુન્દ્રા પોર્ટ પહોચ્યું છે. ઈઝરાયેલ-ઈરાન વચ્ચે વધતા જતાં સૈન્ય સંઘર્ષ અને મિડલ ઈસ્ટમાં તણાવની સ્થિતિ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. જેમાં ૪૬,૦૦૦ મેટ્રિક ટન લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ થી ભરેલું ભારતીય જહાજ 'શિવાલિક' સોમવાર સાંજે ૫ વાગ્યે મુન્દ્રા પોર્ટ સહીસલામત પહોચી ગયું છે. વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વની ગણાતી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માંથી પસાર થઈને આ જહાજ ગુજરાતના દરિયાકાંઠે આવતા દેશમાં રાંધણ ગેસના પુરવઠાની ચિંતા હળવી થઈ છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વનો સૌથી મહત્ત્વનો ઊર્જા કોરિડોર છે, જ્યાંથી વિશ્વનો ૨૦ ટકા ઓઈલ અને ગેસનો વેપાર શક્ય બને છે. ફેબ્રુઆરીના અંતમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા અને ત્યારબાદ તેહરાન દ્વારા અપાયેલી વળતી પ્રહારની ધમકીને કારણે આ જળમાર્ગમાં જહાજોની અવરજવર જોખમી બની હતી.

ઈરાને આ સામુદ્રધુનીમાંથી પસાર થતાં જહાજોને ચેતવણી આપી હતી, જેના કારણે વૈશ્વિક ટેન્કર ટ્રાફિકમાં મોટો ઘટાડો નોંધાયો હતો. યુદ્ધની તણાવ ભરી સ્થિતિ હોવા છતાં ઈરાની સત્તાવાળાઓએ ભારતીય ધ્વજ ધરાવતા બે મોટા ગેસ કેરિયર્સ 'શિવાલિક' અને 'નંદા દેવી'ને પસાર થવાની વિશેષ મંજૂરી આપી હતી. આ બંને જહાજો કુલ ૯૨,૭૦૦ મેટ્રિક ટન કડ ભારત લાવી રહ્યા છે. જેમાંથી 'શિવાલિક' જહાજ આજે મુન્દ્રા પહોંચી ગયું છે.

## બારડોલીના માણેકપુર પાસે કન્ટેનરના ચોરખાનામાંથી ૧.૦૩ કરોડનો દારૂ ઝડપાયો

### સુરત ગ્રામ્ય એલ. સી. બી.એ કુલ રૂા. ૧.૩૮ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો



બારડોલી- સુરત જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ સુરત ગ્રામ્ય એલ. સી.બી. તથા પેરોલ ફ્લી સ્ક્વોડની ટીમે બાતમીના આધારે નેશનલ હાઈવે નંબર-૫૩ ઉપર વોચ ગોઠવીને વિદેશી દારૂના એક મોટા જથ્થાને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. બાતમી મળી હતી કે એક ટાટા કંપનીનું કન્ટેનર ટ્રેલર નં. આરજે પર જીઅ ૧૦૨૧ માં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી ધૂલીયા-નવાપુર થઈ સોનગઢથી બારડોલી તરફ આવી રહ્યું છે.

આ બાતમીના આધારે એલ. સી. બી. પી. આઈ. આર.બી. ભટોળ, પેરોલ ફ્લી સ્ક્વોડના પીઆઈ એમ. આર. શકોરિયા, એલ.જી.રાઠોડ તથા પીએસઆઇ.એચ.સી.મસાણીની ટીમે માણેકપુર ગામની સીમમાં વ્યારાથી બારડોલી તરફ જતા માર્ગ પર હોટલ ઉપહાર સામે નાકાબંધી કરી હતી. દરમિયાન બાતમી મુજબનું કન્ટેનર આવતા તેને અટકાવી તલાશી લેતા, કન્ટેનરમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૭૯૮૦ નંગ બોટલો મળી આવી હતી.

પોલીસે કન્ટેનર ચાલક ડુંગરારામ રવતારામ મેઘવાલ (રહે. ગંગુપુરા, જી. બાડમેર, રાજસ્થાન) ને ઝડપી પાડ્યો હતો, જયારે દારૂનો જથ્થો ભરી મોકલનાર આરોપી હરલાલરામ જાટ (રહે. બાડમેર) ને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે રૂા. ૧,૦૩,૭૪,૦૦૦ ની કિંમતનો દારૂ, રૂા. ૩૫,૦૦,૦૦૦ ની કિંમતનું કન્ટેનર ટ્રેલર, મોબાઇલ ફોન તથા રોકડ મળી કુલ રૂા. ૧,૩૮,૯૯,૧૨૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપી છે.

## RAR ફાઉન્ડેશનના સંસ્થાપક શ્રી રાજદીપસિંહ જાડેજા (રીબડા) દ્વારા આર્થિક સહાય પૂરી પાડી



**રાજકોટ-** RAR ફાઉન્ડેશનના ગીર સોમનાથ જિલ્લાના રહેવાસી અને સક્રીય કાર્યકર્તા નીરવભાઈ ડોડીયા થોડા વર્ષો પહેલા થયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા લાંબા સમયથી બેડરેસ્ટ છે. પરિવાર અને નાની દીકરીની જવાબદારી વચ્ચે આવી પડેલી પરિસ્થિતિમાં ગુજરાન ચલાવવું ખૂબ મુશ્કેલ બન્યું હતું. આ વાતની જાણ RARફાઉન્ડેશનના સંસ્થાપક શ્રી રાજદીપસિંહ જાડેજા (રીબડા) ને થતા તેમની રૂબરૂ મુલાકાત લઈ આર્થિક સહાય પૂરી પાડી અને દીકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. સાથે જ ભવિષ્યમાં પણ જરૂર પડશે ત્યારે હંમેશા સાથ આપશે એવું આશ્વાસન આપ્યું.

## બારડોલીમાં લાખોના ખર્ચે રોપાયેલી નાગાલેન્ડની ખજૂરીઓ મૂરઝાઈ ગઈ!

### સુરતી ઝાંપા થી લીમડા ચોક સુધીની તમામ ખજૂરી સુકાઇને તૂટી પડી, માત્ર થડ જ બાકી રહ્યા



બારડોલી: બારડોલીના સુરતી ઝાપાથી લીમડા ચોક સુધીના માર્ગ પર હેરિટેજ થીમ પર નિર્માણ કરવામાં આવ્યું છે. જો કે, આ હેરિટેજ થિમનું ૬ મહિનામાં જ અચ્યુતમ કેશવમ થઈ ગયું છે. ડિવાઈડર પર લાખો રૂપિયાના ખર્ચે રોપવામાં આવેલ ખજૂરીના ઝાડ સુકાઈને ખરી પડ્યાં છે.

કોન્ટ્રાકટરે હેરિટેજના નામે પાલિકા અને નગરજનો સાથે છેતરપિંડી કરી હોવાનો લોકો અનુભવ કરી રહ્યા છે. આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી નગરપાલિકા દ્વારા સુરતી ઝાપાથી લીમડા ચોક અને ત્યારબાદ લીમડા ચોકથી સ્ટેશન સુધીના માર્ગને હેરિટેજ થીમ પર વિકસાવવા માટે પાંચ કરોડથી પણ વધુની રકમ ફાળવવામાં આવી છે. જો કે કોન્ટ્રાક્ટર અને પાલિકાના અધિકારીઓની બેદરકારીને કારણે લાખો રૂપિયાના ખર્ચે બની રહેલા આ હેરિટેજ ડિવાઈડર પ્રોજેક્ટ નિષ્ફળ રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. ખજૂરી તેમજ અન્ય ફૂલછોડ રોપવામાં આવ્યાં છે તેની માવજત કોન્ટ્રાક્ટર કે પાલિકા દ્વારા કરવામાં આવી ન હોય આ સ્થિતિ ઊભી થઈ છે. આજ થીમ પર સ્ટેશન રોડ પર પણ ડિવાઈડર બનાવવામાં આવી રહ્યા છે. જો કે, હજી ત્યાં વૃક્ષારોપણ બાકી છે. ત્યારે અહીં પણ આવી સ્થિતિ ઊભી ન થાય તે જોવાની જવાબદારી નગરપાલિકા ના અધિકારીઓની છે.

પરંતુ અધિકારીઓ કામગીરી પર દેખરેખ રાખતા ન હોય કોન્ટ્રાક્ટર દ્વારા અહીં પણ હલકી કક્ષાની માટી નાંખવામાં આવી રહી છે. જેને કારણે વૃક્ષોનું જતન થવું મુશ્કેલ બની શકે છે. બારડોલીના આ હેરિટેજ ડિવાઈડર પર સુરતીઝાંપા પાસે બનાવવામાં આવેલ બારડોલી ચક્રના સર્કલ પર સુશોભન માટે રોપવામાં આવેલા છોડ પણ જાળવણીના અભાવે સુકાઈ ગયાં છે. એટલું જ નહીં આ ખજૂરી ખાસ નાગાલેન્ડથી મંગાવવામાં આવી છે. હાલ આ રસ્તા પર ૨૩ જેટલી ખજૂરી લગાવવામાં આવી છે. ૧૨૫૦૦ રૂપિયાની એક ખજૂરી પંદર વર્ષ જૂની છે. પરંતુ આ તમામ ખજૂરીનાં પાંદડાં ખરી પડયાં છે .









Date- 18/03/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ચિરાગ ગોટીની ટ્રાન્સફર વોરંટના આધારે બીલીમોરા પોલીસે ધરપકડ કરી

## ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાયું, હસતા હસતા કહ્યું- 'હું ક્યાં એટલો મોટો હતો મીડિયાએ મોટો બનાવ્યો'



નવસારી-સુરતના કુખ્યાત ચિરાગ ગોટીની બીલીમોરા પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી છે. વર્ષ ૨૦૨૪માં તેણે પોતાના ભાગીદારનું અપહરણ કરી, માર મારી અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ ગુનામાં પોલીસે આજે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આરોપીને ઘટના સ્થળે લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

રિકન્સ્ટ્રક્શન દરમિયાન ચિરાગ ગોટીના ચહેરા પર કોઈ પસ્તાવો જોવા મળ્યો ન હતો. તે હસતો દેખાયો હતો. મીડિયાને જોઈને તેણે પોલીસ અધિકારીને ફોટા લેવાનું બંધ કરવા કહ્યું હતું. આ સમયે તેણે કહ્યું હતું કે, 'હું ક્યાં એટલો મોટો હતો, મીડિયાએ મને મોટો બનાવ્યો.' પોલીસે તેને પોતાનું કામ ચાલુ રાખવા જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૪ માં ચિરાગ ગોટી અને તેના ભાગીદાર પાર્થ મિયાણી વચ્ચે ધંધામાં રૂ. ૧૧,૦૦૦ ની ખોટ થઈ હતી. ચિરાગે આક્ષેપ કર્યો હતો કે, આ પૈસા પાર્થ મિયાણીએ લીધા છે. આ રકમની ઉઘરાણી માટે ચિરાગે પાર્થ પર અત્યાચાર ગુજાર્યો હતો. ચિરાગે પાર્થને તેની ઓફિસમાં ગોંધી રાખી માર માર્યો હતો. ત્યારબાદ તેને ગાડીમાં બેસાડી સુરત ખાતેના એક ફાર્મ હાઉસ પર લઈ ગયો હતો.

ફાર્મ હાઉસ પર આખી રાત પાર્થને ગોંધી રાખી માર મારવામાં આવ્યો હતો. આ મારના કારણે પાર્થને પગમાં ગંભીર ફ્રેક્ચર થયું હતું, જેની સારવાર તેણે સુરત ખાતે કરાવી પડી હતી. ચિરાગે પાર્થને માર મારતો વીડિયો પણ મોબાઈલમાં શૂટ કરીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

## સુરત SOGએ ૮ વર્ષથી ફરાર છેતરપિંડીનો આરોપી પકડ્યો:કડોદરા GIDC પોલીસ સ્ટેશનના ગુનામાં મુખ્ય આરોપી ઝડપાયો




બારડોલી- સુરત ગ્રામ્ય જદ્ય શાખાને નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશમાં મોટી સફળતા મળી છે. કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮ થી નોંધાયેલા છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા આઠ વર્ષથી ફરાર મુખ્ય આરોપીને SOGએ ઝડપી પાડ્યો છે.

વર્ષ ૨૦૧૮માં કડોદરા GIDC પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી નિમેષ ભુપેન્દ્રભાઈ દેરમારે અને અગાઉ પકડાયેલ આરોપી નમન મુન્શીએ ફરિયાદી પાસેથી રૂ. ૧૫,૨૩,૨૫૮ ની કિંમતનો કાપડનો માલ લીધો હતો. આ માલના નાણાંની ઉઘરાણી કરતા આરોપીઓએ ફરિયાદીને ધમકી આપી નાણાં ન ચૂકવી છેતરપિંડી આચરી હતી. આ ગુનામાં નિમેષ દેરમારે લાંબા સમયથી વોન્ટેડ હતો.

સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાની સૂચના હેઠળ SOG પી.આઈ. બી.જી. ઈશરાણી અને પી.એસ.આઈ. જે.કે. રાવના માર્ગદર્શનમાં તપાસ તેજ કરવામાં આવી હતી. આ દરમિયાન એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ બંસીલાલ અને એ.એસ.આઈ. ભુપેન્દ્રભાઈ અંબીકાપ્રસાદને સંયુક્ત બાતમી મળી હતી કે આરોપી સચિન વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે સચિનના શીતલ નગર ખાતેથી ૩૫ વર્ષીય નિમેષ ભુપેન્દ્રભાઈ દેરમારેની ધરપકડ કરી હતી. કાયદેસરની કાર્યવાહી માટે તેને કડોદરા GIDC પોલીસને સોંપવામાં આવ્યો છે.

## ખોલવડમાં ખાડીની ગંદકી મુદ્દે મહિલાઓનો હલ્લાબોલ:'આપ'ની આગેવાનીમાં પંચાયત અને તંત્રની નિષ્ક્રિયતા સામે વિરોધ પ્રદર્શન




કામરેજ- સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ વિસ્તારમાં ખાડીની ગંદકી અને મચ્છરોના ત્રાસથી સ્થાનિક રહીશો પરેશાન છે. તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા, આજે સુરત જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રભારી રેખાબેન સંઘાણીની આગેવાનીમાં સ્થાનિક મહિલાઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિરોધ પ્રદર્શન દરમિયાન રેખાબેન સંઘાણીએ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જે વિસ્તારના ધારાસભ્ય પોતે રાજયના આરોગ્ય મંત્રી હોય, તે જ વિસ્તારમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે તે શરમજનક બાબત છે. ખોલવડની સોસાયટીઓ પાસેથી પસાર થતી ખાડીમાં કચરાનું સામ્રાજય જામ્યું છે અને અસહ્ય દુર્ગંધને કારણે મેલેરિયા તથા ડેન્ગ્યુ જેવા રોગોનો ભય વધ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે જયારે પણ ગ્રામ પંચાયતમાં સફાઈ કે પ્રાથમિક સુવિધા બાબતે રજૂઆત કરવા જાય છે, ત્યારે સરપંચ અને હોદ્દેદારો દ્વારા ઉદ્ધત વર્તન કરવામાં આવે છે. રેખાબેન સંઘાણીએ ઉમેર્યું કે, સરપંચ દ્વારા ગુંડાગીરી કરી લોકોને ધમકાવવામાં આવે છે કે 'જો વેરા ભરશો તો જ કામ થશે, નહીંતર પંચાયત કોઈ કામ નહીં કરે'. આ ઉપરાંત, હવે તો રીક્ષાઓ ફેરવી સ્પીકર પર જાહેરાતો કરી લોકોને કાયદેસરની કાર્યવાહીની ધમકી આપવામાં આવી રહી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે રેકોર્ડ તપાસતા માલૂમ પડે છે કે મોટાભાગના રહીશોએ પોતાના વેરા નિયમિત ભરપાઈ કર્યા છે, તેમ છતાં અધિકારીઓ અને હોદ્દેદારો પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે. જનતાના પૈસે ચાલતું તંત્ર જનતાને જ સુવિધા આપવાને બદલે હેરાન કરી રહ્યું હોવાનો રોષ જોવા મળી રહ્યો છે.

કમિટીએ CM ને UCCનો ફાઈનલ રિપોર્ટ સોપ્યો, ૨૫ મીએ ગૃહમાં રજૂ કરાશે

## લગ્ન માટે યુવતીની લઘુત્તમ વય ૨૧ વર્ષ કરવા ભલામણ થઈ શકે, લિવ-ઇન માટે ફરજિયાત રજીસ્ટ્રેશનની સંભાવના




**૨૦૨૫ના રોજ રચવામાં આવી હતી અને વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ હવે અંતિમ ભલામણો સાથે રિપોર્ટ રજૂ કર્યો છે. હવે રાજ્ય સરકાર દ્વારા આ રિપોર્ટના આધારે આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

ગાંધીનગર- ગુજરાતમાં UCC બિલ લાવવા અંગે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.UCC માટે રચાયેલી કમિટીએ પોતાનો ફાઈનલ રિપોર્ટ મુખ્યમંત્રીને સુપ્રત કર્યો હતો. મુખ્યમંત્રી નિવાસ સ્થાને આ રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આ કમિટી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રચવામાં આવી હતી અને વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ હવે અંતિમ ભલામણો સાથે રિપોર્ટ રજૂ કર્યો છે. હવે રાજ્ય સરકાર દ્વારા આ રિપોર્ટના આધારે આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને જિલ્લાઓની મુલાકાત તથા જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો. UCC વિધેયક ગૃહમાં લાવવા અંગે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા થઈ હતી અને ક્યા દિવસે ગૃહમાં રજૂ કરવું તે મુદ્દે વિચારણા કરવામાં આવી. જેમાં ૨૫ માર્ચની તારીખ નક્કી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. એટલું જ નહીં ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે.

આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજયના જિલ્લાઓની મુલાકાત લઇને લોક અભિપ્રાયો મેળવીને તથા જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજય સરકારને સોંપ્યો હતો. આ સત્રમાં રાજય સરકાર દ્વારા કુલ ૪ વિધેયકો લાવવાની તૈયારી છે. વિધાનસભામાં આજે ચૂંટણીપંચના ખર્ચ અંગે ચર્ચા કરવા મુદ્દે ઉઠેલા પોઇન્ટ ઓફ ઓર્ડર પર તીવ્ર ચર્ચા થઈ હતી.

## ગૌવંશની ગેરકાયદે હેરાફેરીનો થયો પર્દાફાશ-બાલપુરમાં ગૌવંશ ભરેલી પીકઅપ ઘરમાં ઘૂસી ગઇ, ૧ ગાયનું મોત, ડ્રાઈવર ફરાર

વ્યારા- વ્યારા તાલુકાના બાલપુર ગામ નજીક ગૌવંશની ગેરકાયદે હેરાફેરીનો કિસ્સો સામે આવ્યો છે.

ગૌરક્ષકોની બાતમીના આધારે એક પીકઅપ ગાડીને રોકવાનો પ્રયાસ કરતા ચાલકે ગાડી પુરઝડપે દોડાવી દીધી હતી. દરમિયાન સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ગાડી નજીકના ઘરમાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં એક ગાયનું મોત થયું હોવાનું સામે આવ્યું છે.

ફરીયાદ મુજબ, સુરતના નાના વરાછા વિસ્તારમાં રહેતા તુષારભાઈ કરશનભાઈ ભંડેરી ગૌરક્ષક તરીકે સેવા આપે છે. ૧૩ માર્ચની સાંજે માંડવી વિસ્તારના ચીરાગભાઈ દ્વારા ગૌવંશની હેરાફેરી અંગે બાતમી મળતા તેઓ માંડવી ચોકડી ખાતે પહોંચ્યા હતા.

ત્યારબાદ ચીરાગભાઈ અને અન્ય લોકો સાથે તેઓ વ્યારા તાલુકાના બાલપુર ગામની સીમ પાસે જંગલ વિસ્તારમાં ગયા હતા.મળેલી માહિતી મુજબ, વહેલી સવારે અંદાજે ૪ વાગ્યાના સમયે વાંદરદેવી ગામ તરફથી ગૌવંશ ભરેલી મહિન્દ્રા બોલેરો પીકઅપ આવતી દેખાતા ગૌરક્ષકો દ્વારા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો.

આ દરમિયાન સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા પીકઅપ ગાડી બાલપુર ગામના દાદરી ફળિયામાં આવેલ એક ઘરમાં ઘૂસી ગઈ હતી. અકસ્માત બાદ પીકઅપનો ચાલક ગાડી મૂકી નાસી ગયો હતો. ઘટના અંગે જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ગાડીમાં તપાસ કરતા અંદર કુલ ૫ ગાયો અને ૪ વાછરડા ખીચોખીચ ભરેલા હાલતમાં મળી આવ્યા હતા, જેમાંથી એક ગાય મરણ પામેલી હતી.



પશુઓને ટૂંકા દોરડા વડે ગળામાં બાંધી રાખવામાં આવ્યા હતા અને ખોરાક-પાણીની કોઈ વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી. પોલીસ દ્વારા તમામ ગાયો અને વાછરડાને નજીકના મગરકુઈ ગામે આવેલ તબેલામાં ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતમાં જે ઘરમાં પીકઅપ ઘૂસી હતી તેને પણ નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## પૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે લોકાર્પણ કરાયું:૧૭૫ માં હનુમાનજી મંદિરનું પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે લોકાર્પણ કરાયું

વઘઈ- દંડકારણ્યની પાવન ધરા એવા ડાંગ જિલ્લામાં ડાંગ પ્રયાગ હનુમાન યાગ અંતર્ગત ભક્તિ અને સંસ્કારના સમન્વય સમાન એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીએ રવિવારે આહવા તાલુકાના ઇસદર ગામે ૧૭૫માં હનુમાન મંદિરનું લોકાર્પણ કરી આદિવાસી સંસ્કૃતિ અને પ્રકૃતિના મહિમાને બિરદાવ્યો હતો.

લોકાર્પણ સમારોહમાં સંબોધન કરતા પૂર્વ રાષ્ટ્રપતિ ભાવુક બન્યા હતા. તેમણે જણાવ્યું કે, 'મારા બાળપણમાં હું નિયમિત હનુમાન ચાલીસાના પાઠ કરતો અને સ્પર્ધામાં પ્રથમ આવતો હતો. હનુમાન દાદાના આશીર્વાદ અને સમર્પણ ભાવને પ્રતાપે જ હું રાષ્ટ્રના સર્વોચ્ચ પદ સુધી પહોંચી શક્યો છું.'

તેમણે વધુમાં ઉમેર્યું કે ડાંગની જનતામાં હનુમાનજી જેવા જ સાદગી અને ભોળપણના ગુણો આજે પણ જીવંત છે.રાજયસભા સાંસદ અને સંકલ્પકર્તા ગોવિંદભાઈ ધોળકિયા



(રામકૃષ્ણ એક્સપોર્ટર્સ) દ્વારા ડાંગના ૩૧૧ ગામોમાં હનુમાન મંદિર બનાવવાનો ભગીરથ નિર્ધાર કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રેરણામૂર્તિ પી.પી. સ્વામીજીએ જણાવ્યું કે, આ મંદિરો માત્ર પૂજાના કેન્દ્રો નથી, પરંતુ તે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક એકતાના ધામ બનશે. મંદિરો દ્વારા ગામડાઓમાં વ્યસનમુક્તિ અને સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે.

કાર્યક્રમમાં પૂર્વ રાષ્ટ્રપતિના પત્ની અને પુત્રીએ માથા પર આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન ધાન્યની ટોકરી (ગવરાચ) ચડાવીને સ્થાનિક સંસ્કૃતિ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જમીન દાન આપનાર ભૂમિદાતાઓ અને મંદિર નિર્માણમાં સહયોગી દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## તાપી: ઉકાઇ મત્સ્યોદ્યોગ કચેરીમાં એસીબીનો સપાટો; રૂ. ૬,૦૦૦ની લાંચ લેતા મદદનીશ અધિક્ષક રંગેહાથ ઝડપાયા

**વ્યારા/ઉકાઇ:** તાપી જિલ્લાના નવનિર્મિત ઉકાઇ તાલુકામાં ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે એસીબીએ લાલ આંખ કરી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ સબસીડી મંજૂર કરવાના અવેજમાં રૂ. ૬,૦૦૦ ની લાંચ લેતા મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષકને એસીબીએ છટકું ગોઠવીને ઝડપી પાડ્યા છે.

એસીબીને લાંબા સમયથી ફરિયાદો મળી રહી હતી કે ઉકાઇ ખાતેની મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરીમાં 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' હેઠળ લાભાર્થીઓને બાઇક અને ઇન્સ્યુલેટેડ બોક્સ ખરીદવા માટે મળતી સબસીડીના બદલામાં અધિકારીઓ રૂ. ૫,૦૦૦ થી ૮,૦૦૦ સુધીની લાંચની માંગણી કરે છે.

આ બાતમીના આધારે, એસીબીના પી.આઈ. કે.જે. ધડુક અને તેમની ટીમે એક જાગૃત નાગરિકના સહકારથી 'ડિકોઈ' (છટકું) ગોઠવ્યું હતું. આ યોજના હેઠળ પસંદગી પામેલા લાભાર્થીએ જયારે પોતાના ડોક્યુમેન્ટ સબમિટ કરવા માટે સંપર્ક કર્યો, ત્યારે આરોપી તેજસભાઈ રમેશભાઈ ચૌધરી (મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક, વર્ગ-૩) એ હેતુલક્ષી વાતચીત કરી રૂ. ૬,૦૦૦ ની



લાંચની માંગણી કરી હતી.

તારીખ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ, ઉકાઇ સ્થિત કચેરીમાં જ જયારે આરોપી તેજસભાઈ ચૌધરીએ લાભાર્થી પાસેથી લાંચની રકમ સ્વીકારી, ત્યારે પહેલેથી જ ગોઠવાયેલા એસીબીના સ્ટાફે તેમને રંગેહાથ પકડી પાડ્યા હતા. એસીબીએ સ્થળ પરથી લાંચના રૂ. ૬,૦૦૦ પૂરેપૂરા રિકવર કર્યા છે.

આ સફળ ટ્રેપિંગની કામગીરીમાં નીચે મુજબના અધિકારીઓ સામેલ હતા: ટ્રેપિંગ અધિકારી: કે.જે. ધડુક (I/C પી.આઈ., તાપી એસીબી) અને સ્ટાફ.

સુપરવિઝન: શ્રી આર.આર. ચૌધરી (મદદનીશ નિયામક, એસીબી સુરત એકમ).

માર્ગદર્શન: શ્રી બળદેવ દેસાઈ (PSI, નાયબ નિયામક, એસીબી વડોદરા). ઉકાઇ નવો તાલુકો બન્યા બાદ સરકારી કચેરીમાં ભ્રષ્ટાચારનો આ કિસ્સો સામે આવતા ચકચાર મચી ગઈ છે. હાલ એસીબીએ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

# વિશ્વનો આગામી અઢી દાયકો કેવો હશે?



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

૨૧ મી સદીના ૨૫ વર્ષ પુરા થશે ત્યારે હવે પછીના ૨૫ વર્ષમાં માનવ જગત વિજ્ઞાન અને સામાજિક સિસ્ટમના બદલાવના સહારે બહેતર જિંદગી માટેના પ્રયત્નો કરશે.

બેટરી, બિયોન્ડ મીટ અને 'ગિવિંગ બેક ટુ ધ સોસાયટી'નો પ્રભાવ વધશે : અસાધ્ય રોગોના ઈલાજ માટે વેક્સિન શોધાશે 'લિંકડઈન' દર વર્ષના અંત અગાઉ ૨૧મી સદીના આગામી વર્ષો અને દુનિયા કેવી બદલાયેલી હશે તે જાણવા વિશ્વના ટોચના જુદા જુદા ક્ષેત્રોના નિષ્ણાતો, સી. ઇ.ઓ અને સંશોધકો પાસેથી મંતવ્યો મંગાવતું હોય છે. આ કોઈ જ્યોતિષીઓની આગાહી નથી હોતી પણ જે ગ્રાઉન્ડ લેવલ પર હાલ દિશા કે આકાર પામી રહેલું છે તેનો આધાર લઈને ભાવિ દુનિયા અને જનજીવન, જનમાનસ અંગેનું અનુમાન છે. આવા દસ નિરીક્ષણો પર ઊડતી નજર ફેંકીએ. (૧) ઓફિસમાં હાઈબ્રીડ કલ્ચર રહેશે (૨) કંપનીઓ તેમની પ્રોપર્ટીની ખાસ જરૂર નહીં રહે તેથી વેચવા કાઢશે (૩) જુદી જુદી સેવાઓ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(એ.આઇ.) હાજર રહેશે (૪) સ્ટાર બેઝડ ઇન્ડસ્ટ્રી ખતમ થઈ જશે (૫) પડકારો છતાં અર્થતંત્ર ઝીંક ઝીલશે, અંધાધૂંધી નહીં ફેલાય (૬) ઈ કોમર્સ ૨૫ ટકા રહેશે, શોપિંગ મોલ અને રિટેલ બીઝનેસ પણ ચાલશે (૭) ઘર, સોસાયટીમાં તેમજ અને કોમ્યુનિટી બનાવીને ખેતીનો ખ્યાલ વિકસશે (૮) ક્રીપ્ટો કરન્સી પ્રચલિત બનશે (૯) હેલ્થ સ્ટાફની તીવ્ર અછત સર્જાશે. રોબોટ વિકલ્પ બનશે (૧૦) શાળા કોલેજના વર્ગ ખંડની બહાર વૈશ્વિક અને વર્ચ્યુઅલ કે ઓનલાઇન શિક્ષણ વધુ વ્યાપક બનશે. આ દસ અવલોકનો ઉપરાંત હવે તેમાં બીજા અવલોકનો પણ કેટલાક નિષ્ણાતો અને દ્રષ્ટાઓએ ઉમેર્યા છે જે પણ જોઈએ. સળંગ જોઈએ તો ૧૧મો પણ ફરી એકથી દસ નંબર જ આપીશું.

૧. વાહનોની ઇલેક્ટ્રિક બેટરીનું મટીરીયલ જ ખૂટી પડશે.:

આગામી દાયકાઓમાં તમામ વાહનો ઇલેક્ટ્રિક બની જશે જે બેટરીથી ચાલતા હશે. પણ આવા અબજો વાહનો માટેની બેટરીઓ જેમાંથી બને છે તે કોબાલ્ટ, નિકલ અને મેન્ગેનેઝ જેવી ધાતુ જ ખૂટી પડશે આવે વખતે કટોકટી ન સર્જાય તે માટે અત્યારથી એવું સંશોધન થઈ ચુક્યું છે કે બેટરી પોલીમેટાલિક નોડયુલ નામની ધાતુમાંથી બની શકે. આ કુદરતી ધાતુ ક્યાંથી પ્રાપ્ત થઇ શકે તેના સગડ અત્યારથી જ પ્રાપ્ત થઇ ગયા છે.

હવાઈ અને મેક્સિકો વચ્ચેના પેસિફિક સમુદ્રમાં ૧૭ લાખ ચોરસ માઇલ વિસ્તાર કે જે ''ક્લેરીઓન - કલિપર્ટોન ઝોન'' તરીકે ઓળખાય છે તેના ત્રણ માઈલ ઊંડે જઈએ તો બટાટાના કદના ધાતુના ટુકડા લાખો વર્ષથી ધરબાયેલા છે. આવા વિશ્વના અન્ય સમુદ્ર વિસ્તારના પેટાળની પણ શોધ થઈ રહી છે.

૨. લેબોરેટરીમાં માંસાહાર અને બિયોન્ડ મીટ જેવા ખાદ્ય પદાર્થ બનશે: વિશ્વમાં પશુ પંખીને મારી નાંખી જે માંસાહાર થાય છે તેને લીધે વાયરલ તેમજ અન્ય બીમારી વધતી જશે અને નાગરિકોમાં જાગ્રતતા કેળવાશે. વેજ અને વેગન વ્યાપ વધશે. ફેશન અને ટ્રેન્ડ પણ બની જશે. જીવ દયાની રીતે તેમજ ચિકન, મટન અને માંસાહાર વાનગી કેવી ક્રૂર અને આરોગ્યને માટે જોખમકારક રીતે પ્રક્રિયામાંથી પસાર થઈને બને છે તે સોશિયલ મીડિયામાં રજૂ થતું રહેશે. આના વિકલ્પ તરીકે માંસાહારી નાગરિકો જ લેબોરેટરીમાં અદ્દલ સ્વાદ અને આરોગવાની રીતે માંસાહારી જ લાગે તેવું લેબમાં બનેલું માંસ કે ચિકન પસંદ કરશે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

# ગેસની અછતથી મીની ભારતમાંથી હજારોની હિજરત

## રોજગારીના ધામ સુરતમાં 'ચૂલા' ઠર્યા; ગેસની અછત અને મોંઘવારીએ શ્રમિકોને વતન પરત ફરવા મજબૂર, કહ્યું - ત્રણ દિવસથી ચૂલો સળગ્યો નથી

સુરત-'સુરત જેનું નામ, તેનું દુનિયામાં કામ' આ ઉક્તિ આજે સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ માટે કદાચ ફિક્કી પડી રહી છે. જે સુરત શહેર લાખો પરિવારોનું પેટ ભરે છે, આજે ત્યાં જ શ્રમિકો ભૂખ્યા પેટે વતન પરત ફરવા મજબૂર બન્યા છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાંથી આંખમાં સપના લઈને આવેલા શ્રમિકો અત્યારે ગેસની ભીંસ અને અસહ્ય મોંઘવારીને કારણે પલાયન કરી રહ્યા છે.

હજારો કિલોમીટર દૂરથી શ્રમિકો સુરત આશા સાથે આવ્યા હતા કે અહીં રોજગારી મળશે અને પરિવારનું ગુજરાન સારી રીતે ચાલશે. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યું, રોજગારી પણ મળી, પરંતુ હાલની આંતરરાષ્ટ્રીય યુદ્ધની પરિસ્થિતિ અને ગેસના પુરવઠામાં આવેલા વિક્ષેપે આ શ્રમિકોની કમર તોડી નાખી છે.

શ્રમિકોની વેદના સાંભળતા હૈયું ભરાઈ આવે તેવી સ્થિતિ છે. જે ગેસ અગાઉ ૧૦૦ પ્રતિ કિલો મળતો હતો, તેના ભાવ આજે ૩૦૦ થી ૪૦૦ સુધી પહોંચી ગયા છે. અનેક શ્રમિકોના ઘરમાં છેલ્લા ત્રણ દિવસથી ચૂલો સળગ્યો નથી. કેટલાક પરિવારો તો માત્ર પાણી પીને દિવસો વિતાવી રહ્યા છે. મોંઘા ભાવે ગેસ ખરીદવો શ્રમિકોના સીમિત વેતન માટે અશક્ય બની ગયું છે. સુરતનો કરોડો રૂપિયાનો ટેક્સટાઇલ ઉદ્યોગ આ શ્રમિકોના પરસેવા પર ટકેલો છે. જો આ રીતે જ મોટા પાયે હિજરત ચાલુ રહેશે, તો આગામી દિવસોમાં કારખાનાઓમાં કારીગરોની ભારે અછત સર્જાશે. ઉત્પાદન ઘટશે અને તેની સીધી અસર સુરતના અર્થતંત્ર પર પડશે. શ્રમિકોનું કહેવું છે કે, અમે કમાવા આવ્યા હતા, પણ હવે અહીં જીવવું મુશ્કેલ છે. ગેસ વગર રાંધવું કઈ રીતે? ભૂખ્યા રહેવા કરતા વતન ભેગા થઈ જવું સારું.

સુરતની શાન ગણાતા શ્રમિકોની આ હિજરત તંત્ર



અને ઉદ્યોગપતિઓ માટે લાલબત્તી સમાન છે. જો વહેલી તકે ગેસના પુરવઠા અને ભાવ પર નિયંત્રણ નહીં આવે, તો ડાયમંડ અને ટેક્સટાઇલ સીટી તરીકે ઓળખાતું સુરત શ્રમિક વિહોણું બની જશે. સુરત જેવા 'સોનાની મુરત' ગણાતા શહેરમાંથી જ્યારે શ્રમિકોએ ભૂખ્યા પેટે હિજરત કરવી પડે, ત્યારે તે ઉદ્યોગ જગત અને સમાજ બંને માટે ચિંતાનો વિષય છે.

નૂતનબેને જણાવ્યું હતું કે, અત્યારે ગેસની સમસ્યાના કારણે બાળકોને લઈને ઘરે જઈ રહી છું. અહીં ગેસ નથી મળી રહ્યો. આ જ તકલીફ છે, કામ-ધંધો બંધ થઈ ગયો છે અને ગેસ નથી મળી રહ્યો. જો જમવાનું જ નહીં મળે તો પછી કામ કેવી રીતે કરીશ? ગેસ ખૂબ મોંઘો થઈ ગયો છે અને મળતો પણ નથી. ત્રણ-ચાર દિવસથી ખૂબ જ તકલીફ છે. જમવાનું સુકું-ભીનું (જેમ તેમ) ખાઈ લઉં છું. બાજુમાં ભાભી રહે છે, તેમના ચૂલા પર બે-ત્રણ દિવસ બનાવીને ખાધું, બસ એટલું જ.

ભાગલપુર જઈ રહી છું. ગામ જઈ રહી છું, બીજું શું કરીશ? જ્યારે બધું ફરી શરૂ થશે (પરિસ્થિતિ સુધરશે) ત્યારે પાછી આવીશ. હું સરકારને એટલું જ કહીશ કે ગેસ જલ્દી ચાલુ થઈ જાય તો સમસ્યા ખતમ થઈ જાય.

ગેસ ૩૦૦-૪૦૦ (રૂપિયા) ની આસપાસ મળતો હતો, પણ હવે એ પણ નથી મળી રહ્યો. બધું બંધ છે. શોધવા છતાં પણ ગેસ મળતો નથી. ત્રણ છોકરાઓ છે. અમે પાંચ સભ્યો છીએ, તો પાંચેય જણનું જમવાનું કોણ બનાવી આપે? ફ્લેટમાં ચૂલો સળગાવવા પણ નથી દેતા. ગેસ નથી મળી રહ્યો એટલે જ જઈ રહી છું. મોંઘવારી વધી ગઈ છે.

મોહમ્મદ કરીમ અંસારી (સિલાઈ કામદાર) એ જણાવ્યું હતું કે હું ઝારખંડના ગોડ્ડા જિલ્લાનો રહેવાસી છું. ગેસની અછતના કારણે અમે અહીંથી ગામ જઈ રહ્યા છીએ. અમે અહીં કામ માટે આવ્યા હતા, પરંતુ કામ કરતાં-કરતાં બે-અઢી મહિના થયા અને આ ત્રીજો મહિનો શરૂ થયો એવામાં જ ગેસની અછત સર્જાવા લાગી. અમને લાગ્યું કે બે-ચાર દિવસમાં ગેસના ભાવ ઓછા થઈ જશે. અમારી પાસે જે એક-બે કિલો ગેસ હતો (નાના સિલિન્ડરમાં) તે પણ ખતમ થઈ ગયો.

## બારડોલી પાલિકામાં વહીવટદારનું શાસન લાગી ગયું હોવા છતાં કેબિનમાં હજીયે ચાલે છે જૂના જોગીનો જ વહીવટ

બારડોલી- રાજકારણમાં સત્તા મેળવવી જેટલી અઘરી છે, તેનાથી વધુ અઘરું સત્તા છોડવું હોય છે. આ વાત બારડોલી નગરપાલિકાના કિસ્સામાં અક્ષરશઃ સાચી ઠરી રહી છે.

રવિવારે ૧૫ મી માર્ચના રોજ પાલિકાની મુદત પૂરી થતા જ વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું હતું.

તમામ હોદ્દેદારોની ઓફિસ બહારથી તેમના હોદ્દાની તક્તીઓ ઉતારી લેવામાં આવી હતી અને વહીવટદાર તરીકે એસડીએમ જીજ્ઞા પરમારે જવાબદારી સાંભળી લીધી છે. પરંતુ, સોમવારની સવારે કંઈક અલગ જ માહોલ જોવા મળ્યો હતો. પૂર્વ કારોબારી ચેરમેન જગદીશ પાટીલ જાણે બધું જ રાબેતા મુજબ હોય તેમ ઓફિસે પહોંચી ગયા અને પોતાની કેબિનમાં બેસી વહીવટ શરૂ કરી દીધો હતો.

નેમપ્લેટ વગરની ઓફિસમાં બેસીને કામ કરતા પૂર્વ ચેરમેનનો ફોટો વાયરલ થતા વિવાદોનું વંટોળ સર્જાયું છે. સામાન્ય રીતે વહીવટદારના શાસનમાં તમામ નિર્ણયો સરકારી અધિકારી દ્વારા લેવાતા હોય છે, છતાં પૂર્વ સત્તાધીશનો આ પ્રકારનો રુઆબ શાસન વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા કરે છે. અને નગરજનોમાં પણ આ ચર્ચાનો વિષય બન્યો છે.

## યૌન શોષણની પીડિત બાળકીઓને વારંવાર કોર્ટમાં ન બોલાવો..', ટ્રાયલ કોર્ટને દિલ્હી હાઈકોર્ટની ફટકાર

દિલ્હી હાઈકોર્ટે પોક્સો કેસના પીડિતોને વારંવાર કોર્ટમાં હાજર રહેવા માટે સમન્સ મોકલવામાં નીચલી અદાલતોના વલણ પર ચિંતા વ્યક્ત કરી છે અને તેમને ફટકાર લગાવી છે. હાઈકોર્ટના જજ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, ટ્રાયલ અથવા જામીનની સુનાવણી દરમિયાન પીડિત સગીર બાળકીઓને વારંવાર કોર્ટમાં બોલાવવું યોગ્ય નથી. આમ કરવાથી બાળકોને માનસિક વેદના અને ફરીથી ટ્રોમાનો સામનો કરવો પડી શકે છે. આ કેસ ૨૦૨૨ના યૌન શોષણના કેસ સાથે સંબંધિત છે, જેમાં સગીર પીડિતાને ટ્રાયલ દરમિયાન ૯ વખત કોર્ટમાં હાજર થવું પડ્યું હતું. એટલું જ નહીં, હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું.



બાર એન્ડ બેન્ચના એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે કહ્યું કે, 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ કોર્ટે ચાઈલ્ડ ફ્રેન્ડલી પ્રક્રિયા અપનાવવી જોઈએ, જેથી પીડિત બાળકીઓને વારંવાર અથવા બિનજરૂરી રીતે કોર્ટમાં હાજર ન રહેવું પડે. જો શક્ય હોય તો બાળકોના નિવેદનો રેકોર્ડ કરવા માટે વિડીયો કોન્ફરન્સિંગનો ઉપયોગ કરવામાં આવે, જેથી તેમને કોર્ટમાં આવવાની જરૂરિયાત ઓછી પડે.'

કોર્ટે પોતાના આદેશમાં આગળ કહ્યું કે, પીડિતાને જામીન અરજીઓની સુનાવણી દરમિયાન પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ જો એકવાર પીડિતાના વાંધા કે જામીન પરના મંતવ્યો નોંધાઈ જાય, તો દરેક સુનાવણીમાં તેમની શારીરિક કે વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પર ભાર મૂકવો યોગ્ય નથી. આ ટિપ્પણી હાઈકોર્ટે ૨૦૨૨ માં દાખલ કરાયેલા એક યૌન શોષણના કેસની ત્રણ સગીર પીડિતાઓની અરજી પર સુનાવણી કરતા કરી હતી. અરજી પ્રમાણે ત્રણેય છોકરીઓ ગુમ થઈ ગઈ હતી અને બાદમાં દિલ્હીમાં મળી આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેમને ઘણા આરોપીઓ દ્વારા બે દિવસ સુધી બંધક બનાવીને તેમનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું અને ધમકી આપવામાં આવી હતી. આ કેસમાં દુષ્કર્મ, માનવ તસ્કરી અને પોક્સો એક્ટ હેઠળ પણ આરોપો જોડવામાં આવ્યા હતા.

## વરુણ ગાંધીનો 'રાજકીય વનવાસ' પૂરો? પરિવાર સાથે વડાપ્રધાન મોદીની મુલાકાતથી અટકળો તેજ

ઉત્તર પ્રદેશના પીલીભીતના પૂર્વ ભાજપ સાંસદ વરુણ ગાંધીએ મંગળવારે સપરિવાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન વરુણ ગાંધીની સાથે તેમના પત્ની અને પુત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. વરુણ ગાંધીએ આ મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી પીએમ મોદીના આશીર્વાદ અને માર્ગદર્શન મેળવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે વડાપ્રધાનના વ્યક્તિત્વના વખાણ કરતા લખ્યું કે, 'તમારા આભામંડળમાં પિતૃવત સ્નેહ અને સંરક્ષણનો ભાવ છે', જેનાથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે કે શું હવે વરુણ ગાંધી અને ભાજપ વચ્ચેનું અંતર ઘટવા જઈ રહ્યું છે.



વરુણ ગાંધી અને પીએમ મોદીની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણીનો શંખનાદ થઈ ચૂક્યો છે. આ મુલાકાતને 'બંગાળ કનેક્શન' સાથે પણ જોડવામાં આવી રહી છે, કારણ કે વરુણ ગાંધીના પત્ની મૂળ બંગાળી છે અને વરુણ ગાંધી પોતે પણ ભૂતકાળમાં પશ્ચિમ બંગાળ ભાજપના પ્રભારી રહી ચૂક્યા છે. ભાજપ બંગાળમાં સત્તા મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, ત્યારે વરુણ ગાંધીને બંગાળ ચૂંટણી પ્રચારમાં કોઈ મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

વરુણ ગાંધીના રાજકીય પ્રવાસ પર નજર નાખીએ તો, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટિકિટ ન મળ્યા બાદ તેઓ પક્ષમાં એકબાજુ થઈ ગયા હતા. એક સમયે તેઓ કેન્દ્ર સરકારની નીતિઓ પર ખુલ્લેઆમ પ્રહારો કરીને પક્ષ સામે બળવાખોર વલણ અપનાવી રહ્યા હતા. પરંતુ, હવે વડાપ્રધાન મોદીને પોતાના 'માર્ગદર્શક' અને 'અભિભાવક' ગણાવીને તેમણે પક્ષ સાથેના સંબંધો સુધારવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. આ બદલાયેલા સંજોગો જોતા લાગે છે કે, આગામી સમયમાં ઉત્તર પ્રદેશની રાજ્યસભા બેઠકો અથવા પક્ષના સંગઠનમાં કોઈ મોટી જવાબદારી સોંપીને ભાજપ તેમનો રાજકીય વનવાસ સમાપ્ત કરી શકે છે.

## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ રેપોર્ટર સાધના રાઉતની સુરતમાં બેઠક:જી.આઈ.ડી.સી. ટેક્સટાઈલ સેક્ટરના શ્રમિકોના પ્રશ્નોની ચર્ચા થઈ




બારડોલી- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ રેપોર્ટર સાધના રાઉતના અધ્યક્ષસ્થાને સુરતમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સુરત શહેર અને જિલ્લામાં આવેલી જી.આઈ.ડી.સી., ટેક્સટાઈલ સેક્ટર તેમજ વિવિધ ઉદ્યોગોના શ્રમિકો અને લેબર એસોસિએશનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન, તેમણે વિવિધ ઉદ્યોગોમાં શ્રમિકોના આરોગ્ય અને રહેણાંકની સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ ઉપરાંત, આદિવાસી વિસ્તારોમાં આદિજાતિ ક્ષેત્રમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ વિશે પણ જાણકારી મેળવવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી આ બેઠકમાં કલેક્ટર ડો. સૌરભ પારધીએ ટેક્સટાઈલ અને હજીરા વિસ્તારમાં શ્રમિકોને લગતા રાજ્ય સરકારના કાયદાઓ અને આરોગ્ય વિષયક માહિતી રજૂ કરી હતી. માંડવી પ્રાયોજના વહીવટદાર સુનિલે આદિજાતિ વિસ્તારોમાં આદિવાસી લોકો માટેની રાજ્ય અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી, શૈક્ષણિક તથા ડેરી ડેવલપમેન્ટ યોજનાઓ વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતો આપી હતી.

## યુદ્ધને કારણે ચાંદી એકઝાટકે ૪૩૦૦ રૂપિયા તૂટી, સોનું પણ ગગડીને ૧,૫૬,૬૫૫ પર પહોંચ્યું

સોમવારે સોના-ચાંદીના ભાવમાં ભારે અસ્થિરતાનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારમાં આવતા ઉતાર-ચઢાવ અને ભૂ-રાજકીય તણાવને લીધે ભારતીય બજારમાં પણ સોના-ચાંદીના વાયદાના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. ટ્રેડિંગના શરૂઆતી કલાકોમાં સોનાની કિંમતમાં ૧%થી વધુનો કડાકો બોલાયો હતો, જેનું મુખ્ય કારણ અમેરિકન પ્રમુખના દેશની ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો કરવાની આશા ઓછી થઈ હોવાનું માનવામાં આવે છે. વધારામાં, અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને કારણે ફુગાવો વધવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી આર્થિક વિકાસ રૂંધાવાની



આશંકાએ રોકાણકારોની ચિંતામાં વધારો કર્યો છે.

ખઈડ પર એપ્રિલ ડિલિવરીવાળું સોનું ૧૮૦૦ ઘટીને રૂ.૧,૫૬,૬૫૫ પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ મોટું ગાબડું જોવા મળ્યું છે, જ્યાં મે ડિલિવરીવાળી ચાંદી રૂ.૪૩૦૦ થી વધુના ઘટાડા સાથે રૂ.૨,૫૫,૧૦૧ પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પણ સ્થિતિ નબળી છે, તેમજ હુમલામાં ઓઇલના મહત્ત્વના કેન્દ્રોને નિશાન બનાવવામાં આવતા ક્રૂડ ઓઇલના ભાવ ઉછળ્યા છે, જેની સીધી અસર કિંમતી ધાતુઓ પર પડી છે. સિંગાપોર માર્કેટમાં સ્પોટ ગોલ્ડ ૦.૭% ઘટીને ૫,૦૦૦ ડોલરના સ્તરથી નીચે ઉતરી આવ્યું છે.

ભારત સરકારના એક નિર્ણયથી જ્વેલર્સ અને ગ્રાહકોને થોડી રાહત મળી શકે છે.

Date- 18/03/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# મહુવા ખાતે ભાજપનું બુથ કાર્યકર્તા સંમેલન યોજાયું: પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ભાજપને વિકાસનો પર્યાય ગણાવ્યું



**મહુવા-** ભાજપ પ્રદેશ અધ્યય જગદીશ વિશ્વકર્માના દક્ષિણ ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસના ત્રીજા દિવસે સુરત જિલ્લાના મહુવા ખાતે એક વિશાળ બુથ કાર્યકર્તા સંમેલન વોજાયું હતું. આ સંમેલનની અધ્યક્ષતા જગદીશ વિશ્વકર્માએ કરી હતી. કાર્યકર્તાઓને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, પૂર્ણા નદીના કિનારે આવેલો આ જિલ્લો કૃષિ અને સહકારી ક્ષેત્રનું હૃદય છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સહકાર મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના નિર્ધાર પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યુંકે, દક્ષિણ ગુજરાતની સહકારી ક્ષેત્રની સિદ્ધિઓ આજે દેશ માટે એક મોડેલ બની છે. જગદીશ વિશ્વકર્માએ કોંગ્રેસ પર પ્રહારો કરતા કહ્યું કે, વિપક્ષના નેતાઓ પ્રજાના પ્રશ્નોની ચિંતા કરવાને બદલે અફવાઓ ફેલાવે છે અને સંસદ બહાર વિરોધ કરે છે.

તેમણે LPG અંગે કોંગ્રેસ દ્વારા ફેલાવાઈ રહેલી અફવાઓ અને સંસદના પગથિયે બેસી ચા-બિસ્કિટ ખાવાની ઘટનાનો ઉલ્લેખ કર્યો. તેમણે કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનને '૪-૬' (કરપ્શન, કમિશન, કમ્યુનલ રાયોટ્સ અને 'ન જાતિવાદ, ન પરિવારવાદ, ન તૃષ્ટીકરણ' સાથે ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપ્યું છે. ભાજપનો કાર્યકર્તા માત્ર ચૂંટણી સમયે જ નહીં, પરંતુ સતત પ્રજાની વચ્ચે રહીને સેવા કરે છે. તેમણે કહ્યું કે, વિકસિત ભારત ૨૦૪૭ નું સ્વપ્ન સાકાર કરવા માટે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભાજપનો દરેક કાર્યકર્તા કટિબદ્ધ છે. આજે ગુજરાત અને દેશની જનતા માટે ભાજપ 'વિકાસનો પર્યાય' અને 'ભરોસાનું નામ' છે. પ્રદેશ અધ્યક્ષે સુરતની ઐતિહાસિક વિરાસતને યાદ કરતા જણાવ્યું કે, સુરત સદીઓથી ભારતનું વ્યાપારી બંદર રહ્યું છે. તેમણે છેલ્લા ૧૦ વર્ષમાં આ વિધાનસભા વિસ્તારમાં થયેલા વિકાસ કાર્યોની વિગતો આપી. તેમણે જણાવ્યું કે, રૂ. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે ૭૬ નાના-મોટા પુલોનું નિર્માણ થયું છે. સામ્બાથી બ્રહ્મદેવ મંદિર સુધી નવા પુલનું કામ પ્રગતિમાં છે.

આ ઉપરાંત, રૂ. ૩૭૬ કરોડના ખર્ચે ભારડોલીથી અનાવલ ફોરલેન રસ્તાનું નિર્માણ અને નાલોઠા ખાતે રૂ. ૫૧ કરોડના ખર્ચે આદિવાસી આદર્શ નિવાસી શાળા જેવી સુવિધાઓએ આ વિસ્તારનો કાયાપલટ કર્યો છે.આ સંમેલનમાં મહુવા ૧૭૦ વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા સહિત અન્ય ધારાસભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાતવા અને જિયોર ગામની સીમમાં ભૂસ્તરવિભાગની કાર્યવાહીથી ખનીજચોરોમાં ફફડાટ

## તાપી નદીનાં પટમાં ખનીજ માફિયાઓ પર ખાણ-ખનીજ વિભાગનાંદરોડા, રૂપિયા ૨.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત




ઓલપાડ-જિલ્લાના ખાણ-ખનીજ વિભાગે તાપી નદીના પટમાં ચાલતી ગેરકાયદે રેતી ખનન પ્રવૃત્તિઓ વિરુદ્ધ લાલ આંખ કરી છે. વિભાગની ટીમે પાતવા અને જિયોર ગામની સીમમાં ઓચિંતી તપાસ હાથ ધરી કુલ ૨.૧૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાવી દીધો છે. મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી અને સુરતના રોયલ્ટી ઇન્સ્પેક્ટર દિનેશ પવાયાના માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ વિભાગની ટીમે પ્રથમ કાર્યવાહી ધાતવા ગામે કરી હતી. તાપી નદીના પટમાં પડેલા આ દરોડા દરમિયાન બિનઅધિકૃત રીતે રેતીનું ખનન કરતા બે એક્સકેવેટર મશીન, ત્રણ યાંત્રિક નાવડી અને બે ડમ્પર મળી આવ્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે, મનીપ આહીર અને દુષ્યંત રમણીક નામના ઈસમો આ ગેરકાયદે પ્રવૃ ત્તિ ચલાવી રહ્યા હતા. વિભાગે અહીંથી અંદાજે ૧.૩૦ કરોડનો મુદ્દામાલ સીઝ કર્યો છે.

બીજી તરફ, જિયોર ગામે પણ રોયલ્ટી ઇન્સ્પેક્ટર હસમુખ કાનકડ અને માઈન્સ સુપરવાઈઝર દિનેશની ટીમે દરોડો પાડયો હતો. આ સ્થળેથી પણ રેતીના ગેરકાયદે ખનન અને વહનમાં સંડોવાયેલું એક એક્સકેવેટર મશીન, ત્રણ યાંત્રિક નાવડી અને એક ટ્રક જપ્ત કરવામાં આવી છે. આશરે ૮૦ લાખની કિંમતનો આ મુદ્દામાલ સ્થાનિક પોલીસને સોપવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિમાં દીપક રમણ સોલંકી સોલંકી નામનો શખ્સ સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. ખાણ-ખનીજ વિભાગ દ્વારા બંને સ્થળોએ પકડાયેલી મશીનરી અને વાહનો પર કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હાલમાં, સરકારના નીતિ-નિયમો મુજબ મસમોટી ઠંડકીય રકમ વસૂલવા અને આગળની તપાસની તજવીજ તેજ કરી દેવામાં આવી છે. વિભાગની આ કડક કાર્યવાહીથી તાપીના પટમાં સક્રિય ભૂમાફિયાઓમાં દોડધામ મચી ગઈ છે.

# શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૪૯ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૧/૦૩/૨૦૨૬ ને બુધવાર ના રોજ ૭૪૯ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે ની: શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી સત્ય સાંઈ હોસ્પિટલ, બારડોલી, તરફથી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ .

# કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલના જન્મદિવસ નિમિત્તે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ ખાતે અભિનવ સેવાયજ્ઞનો પ્રારંભ

## મૃતદેહના સન્માનજનક અંતિમ વિદાય માટે કફન, પ્લાસ્ટિક અને કોફિન બોક્સ વિનામૂલ્યે અપાશે



**સુરત :** કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી નવી સિવિલ હોસ્પિટલ ખાતે માનવતાના અભિગમ સાથે વિશેષ સેવાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે સ્વ.મંજુલાબેન રમેશચંદ્ર પટેલના સ્મરણાર્થે અને શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, ફોસ્ટા પ્રમુખ કૈલાશ હકીમ, પૂર્વ ઉપાધ્યક્ષ છોટુભાઈ પાટીલ તથા પૂર્વ નગરસેવક દિનેશ રાજપુરોહિતના વિશેષ સહયોગથી મૃતદેહ માટે જરૂરી કફન, પ્લાસ્ટિક અને અન્ય ઈતર સામગ્રી વિનામૂલ્યે વિતરણ કરાશે.

નવી સિવિલ ખાતે સ્વર્ગસ્થના પરિવારજનોને મુશ્કેલીના સમયે શાંતિ અને સંતોષ મળે તેવા ઉમદા હેતુથી આ સેવા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. જો મૃતદેહને વિમાન અથવા ટ્રેન મારફતે વતન લઈ જવાનો હોય, તો તેના માટેના સ્પેશિયલ કોફિન બોક્સની સુવિધા પણ મફત ઉપલબ્ધ કરાશે. અંગદાનના કિસ્સામાં પણ સન્માનજનક રીતે દેહને વિદાય આપવા માટે કફન અને કોફિન બોક્સની વ્યવસ્થા કરવામાં આવશે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે મૃતકોના પરિવારજનો માટે ચા-પાણીની વ્યવસ્થા પણ નિ:શુલ્ક સેવા કાર્યરત કરાઈ છે. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે હોસ્પિટલના સફાઈકર્મીઓના સમર્પણને બિરદાવવા માટે તેઓને સાડી વિતરણ પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. ધારિત્રી પરમાર, ટી.બી. વિભાગના વડા ડો. પારૂલ વડગામા, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, ડો. કેતન નાયક તથા નર્સિંગ એસો.ના નિલેશ લાઠીયા, અશ્વિન પંડયા, વિરેન પટેલ, સંજય પરમાર, વિભોર ચૂગ સહિત સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# કડોદરામાં યુથ કોગ્રેસનું મોઘવારી વિરુદ્ધ પ્રદર્શનઃચાર રસ્તા પર કોગ્રેસના આગેવાનોની ઉપસ્થિતિમાં વિરોધ




પલસાણા-કડોદરામાં મંગળવારે યુથ કોગ્રેસ દ્વારા વધતી મોઘવારીના વિરોધમાં પ્રદર્શન યોજાયું હતું. કડોદરા સરદાર કોમ્પલેક્ષથી રેલી કાઢી ચાર રસ્તા પર ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

પ્રદર્શનકારીઓએ વધતી મોઘવારી સામે નારાજગી વ્યક્ત કરી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. કોગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના શાસનમાં મોઘવારી અતિશય વધી છે, જેના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું બજેટ ખોરવાઈ ગયું છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધતા સામાન્ય જનતા મુશ્કેલી અનુભવી રહી છે. સુરત જિલ્લા કોગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ જણાવ્યું કે, મોઘવારી ગરીબ અને મધ્યમવર્ગના લોકો પર આર્થિક બોજ વધારી રહી છે. સરકારે તાત્કાલિક પગલાં લઈને મોઘવારી નિયંત્રિત કરવી જોઈએ.

આ વિરોધ પ્રદર્શનમાં સુરત જિલ્લા યુવા કોગ્રેસ પ્રમુખ પિયુષભાઈ ચૌધરી, સુરત જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નીતુ સિંહ, કડોદરા શહેર કોગ્રેસ પ્રમુખ જીવનભાઈ વાડી, પલસાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધર્મેશસિંહ સોલંકી, પલસાણા તાલુકા યુવા કોગ્રેસ પ્રમુખ તેજસ મિસ્ત્રી, કડોદરા કોગ્રેસ અને યુથ કોંગ્રેસના પ્રમુખ, મહામંત્રી પ્રમોદ શર્મા, મહામંત્રી વિકાસ ખાન સહિત અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યકર્તાઓએ મોઘવારી ઘટાડવાની માંગ કરી હતી અને સરકારને ચેતવણી આપી હતી કે જો સામાન્ય જનતાની સમસ્યાઓનો ઉકેલ નહી આવે તો ભવિષ્યમાં વધુ ઉગ્ર આંદોલનો કરવામાં આવશે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb


દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)